Member of
CREDAI
GUJARAT

CONFEDERATION OF REAL ESTATE DEVELOPERS ASSOCIATION OF INDIA - SURAT
3rd Floor, Association Office Building, Nr. Surat International Exhibition And Convention Center, Khajodd Chokdi, Sarsana, SURAT-395007.
Tele: +91 73839 33777 | Email: info@credai-surat.com | Website: www.credai-surat.com

CREDAI
SURAT

Ref.No. : CREDAI/SRT/ F.10/07/2022

તા.૦૪/૦૩/૨૦૨૨

પ્રતિ,
**ઝોનલ ઓફીસરશ્રી,**
સાઉથ ઝોન (ઉધના),
સુરત મહાનગરપાલિકા,
સુરત

**વિષય : ટી.પી.સ્કીમ નં. ૭૨ (બમરોલી) માં રોડ -રસ્તાઓ ખુલ્લા કરી જરૂરી માળખાગત સુવિધાઓ વિકસાવવા બાબત...**

મહેરબાન સાહેબશ્રી,

સવિનય સહ ઉપરોકત વિષય અનુસંધાને જણાવવાનું કે, શહેરના નવા વિકસિત વિસ્તારમાં ઉધના ઝોનમાં આવતી ઉપરોકત વિષય વાળી ટી.પી. સ્કીમ નં.૭૨ માં હાલની પરિસ્થિતિને જોતા ઘણાં રસ્તાઓ બ્લોક છે જેને ખુલ્લા કરી શકાય તેમ છે. હાલમાં ડ્રીમસીટી પ્રોજેકટ અને સુરત એરપોર્ટના ડેવલોપમેન્ટથી પ્રોજેકટોની ડીમાન્ડ વધી રહી છે અને ડાયમંડ બુર્સ પણ નજીકના વિસ્તારમાં હોવાથી રોડ-રસ્તાઓ ઝડપી બને તો માર્ગ-વ્યવહાર સરળ બને તેમ છે અને વિકાસની દ્રષ્ટિએ શહેરીજનોને અવરજવર અને અન્ય સુવિધાઓનો લાભ મળી શકે તેમ છે. વધુમાં બાયોડાયવરસીટી પાર્કનો સમાવેશ હોવાથી ત્યાં પબ્લીક યુટીલીટીઝ માટે પણ રોડ-રસ્તાઓનો વિકાસ થાય તે અનિવાર્ય છે. ટી.પી. સ્કીમ નં.૪૩ (ભીમરાડ) તથા ૭૧ (વડોદ) ના રસ્તાઓ ખુલ્લા થઇ ગયા છે અને અન્ય સુવિધાઓ ધીરે ધીરે પ્રાપ્ત થતી રહી છે તેવી જ

Received
Dt. 04/03/22
South Zone (A)

| | | | | | |
|---|---|---|---|---|---|
| RAVJI PATEL<br>Chairman<br>99252 05961 | SANJAY MANGUKIYA<br>President<br>98251 22383 | G.R. ASODARIA<br>Vice- President<br>98251 43517 | DR. JIGNESH PATEL<br>Vice- President<br>93755 44000 | VIJAY DHAMELIA<br>Vice- President<br>98258 00402 | BHAVESH SANGHAVI<br>Hon. Secretary<br>98251 20206 |
| AMAR RAVAL<br>Hon. Jt. Secretary<br>98251 26001 | TUSHAR LAKHANI<br>Hon. Jt. Secretary<br>98259 05444 | UMESH PATEL<br>Hon. Jt. Secretary<br>98251 35657 | DIPAN DESAI<br>Treasurer<br>98241 14798 | HARESHBHAI MOTISARIYA<br>Jt. Treasurer<br>98243 55311 | HARSHIL DELIWALA<br>Chief Co-ordinator<br>98251 40401 |

રીતે ટી.પી. સ્કીમ નં.૭૨ માં પણ રોડ-રસ્તાઓ ઝડપથી ખુલ્લા કરવા જોઇએ અને વિકસિત થાય તેવી અમારી માંગણી છે.

આપશ્રીને નમ્ર અરજ છે કે, અમારી વિનંતિ ધ્યાને લઇ યોગ્ય કાર્યવાહી કરવામાં આવે અને રોડ-રસ્તાઓ ખુલ્લા કરી તેનો વિકાસ કરવામાં આવે. અમો ક્રેડાઇ સુરત તથા તેના દરેક સભ્યો આ બાબતે આપશ્રીને યોગ્ય અને જરૂરી સાથ- સહકાર આપવાની બાંહેધરી આપીએ છીએ.

આપના સહકારની અપેક્ષા સહ.

**લિ. આપના વિશ્વાસુ**

| | | |
|---|---|---|
| **રવજીભાઇ પટેલ** | **સંજય માંગુકીયા** | **ભાવેશ સંઘવી** |
| **ચેરમેન** | **પ્રમુખ** | **માનદ્મંત્રી** |
| **ક્રેડાઇ-સુરત** | **ક્રેડાઇ-સુરત** | **ક્રેડાઇ-સુરત** |

**નકલ રવાનાઃ**

૧. પ્રતિ, **કમિશ્નરશ્રી**, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત
૨. પ્રતિ, **સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી**, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત
૩. પ્રતિ, **કનૈયાલાલ પટેલ (કનુભાઇ), ટાઉન પ્લાનીંગ કમિટી ચેરમેનશ્રી**, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત